૭૫ અદેય

# ગુજરાતના આદિવાસીની અર્થવ્યવસ્થા

૭૫

મુસ્તાલી મસવી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ – ૩૮૦૦૧૪

Scanned with OKEN Scanner

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

કિંમત : સાડા ત્રણ રૂપિયા

સપ્ટેંબર ૧૯૮૩

Scanned with OKEN Scanner

# આવકાર

આ પુસ્તિકામાં પરંપરાગત આદિવાસી અર્થવ્યવસ્થાની પ્રાથમિક, સૈદ્ધાંતિક માહિતી આપવામાં આવી છે તેમ જ જુદાજુદા નૃવંશશાસ્ત્રીઓના આદિવાસી અર્થકારણ વિશેના વિચારોની છણાવટ કરવામાં આવી છે. ગુજરાતના આદિવાસીઓ કયા પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ કરે છે, તેમના આર્થિક ઉપાર્જનમાં કેવા પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે તેમ જ તેઓની આર્થિક સમસ્યાઓ કઈ છે તે વિશે ચર્ચા કરવામાં આવી છે. આદિવાસીઓના આર્થિક જીવનનું વિશ્લેષણ સારી રીતે થયું છે.

ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા વિશે જાણકારી મેળવવા માટે આ પુસ્તિકા સમાજ માનવશાસ્ત્રના વિદ્યાર્થીઓ તેમજ આદિવાસીઓની આર્થિક સમસ્યા સમજવા માટે શાસનકર્તાઓને, આદિવાસીઓના સામાજિક, શૈક્ષણિક સંશોધકોને તથા સહકારી ક્ષેત્રે કામ કરનારા સમાજ સેવકોને આદિવાસીઓને શોષણમાંથી મુક્ત કરવાને માટે ઉપયોગી થઈ પડશે કારણ કે સહકારી પ્રવૃત્તિ શોષણરહિત સમાજરચનાનો રાજમાર્ગ છે. આ પુસ્તિકા એમને પણ ઉપયોગી થઈ પડશે.

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦ ૦૧૪

ડાહ્યાભાઈ નાયક
કુલનાયક

Scanned with OKEN Scanner

# ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા

મુસ્તાલી મસવી

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૩૭ લાખની છે, જે રાજ્યની કુલ વસ્તીના ૧૪ ટકા જેટલી થાય છે. જનસંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો આદિવાસીઓની વસ્તીમાં ગુજરાતનો નંબર ભારતમાં ચોથો આવે છે. ભારતમાં આદિવાસી વસ્તી કુલ વસ્તીના ૬.૯ ટકા જેટલી છે. આમ ગુજરાતમાં દેશની કુલ વસ્તીના ૯.૮૮ ટકા આદિવાસી વસ્તી વસે છે. ગુજરાતમાં આદિવાસીઓની જે વસ્તી છે તે ૨૪ બોલીઓ બોલતી એવી ૨૮ જાતિઓમાં વહેંચાયેલી છે. આ બધી જાતિઓ વચ્ચે સાંસ્કૃતિક વૈવિધ્ય એટલું બધું છે કે દરેક જાતિ પોતાની સાંસ્કૃતિક વિશેષતાને કારણે બીજી જાતિથી જુદી તરી આવે છે.

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી રાજ્યની સમગ્ર પૂર્વ સરહદ પર આવેલા ડુંગરાળ વિસ્તારમાં પથરાયેલી છે. અને એટલે જ આ વિસ્તારને આદિવાસી પટી તરીકે ઓળખવામાં આવે છે. આ પૂર્વ સરહદ પાડોશનાં ત્રણ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદોથી જોડાયેલ છે. આને કારણે ત્રણે રાજ્યોની સરહદો પર વસતા લોકોની આર્થિક-સાંસ્કૃતિક જીવનની અસર ગુજરાતના આદિવાસીઓ પર પણ પડેલી જોવા મળે છે.

ગુજરાત રાજ્યના કુલ ૧૯ જિલ્લાઓમાંથી મુખ્યત્વે આઠ જિલ્લાઓમાં આદિવાસીઓની વસ્તી પથરાયેલી છે, જે નીચે પ્રમાણે છે :

૧. બનાસકાંઠા ૭૭,૭૫૮; ૨. સાબરકાંઠા ૧,૭૮,૮૦૪; ૩. પંચમહાલ ૭,૧૨,૭૧૩; ૪. વડોદરા ૪,૭૩,૧૧૭; ૫. ભરૂચ ૪,૮૬,૯૦૧; ૬. સુરત ૮,૨૭,૬૮૨; ૭. વલસાડ ૭,૭૬,૨૭૫ અને ૮. ડાંગ ૮૮,૦૨૮. તાલુકાઓની દૃષ્ટિએ વિચારીએ તો ગુજરાતના ૧૮૬ તાલુકાઓમાંથી ૩૨ તાલુકાઓમાં આદિવાસીઓની વસ્તી ૫૦ ટકા કરતાં પણ વધુ છે.

આદિવાસીઓની વસ્તી જેમાં સવિશેષ છે એવા આઠ આદિવાસી જિલ્લાઓને ભૌગોલિક રીતે ત્રણ વિભાગમાં વહેંચી શકાય. ઉત્તર વિભાગમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વસતા આદિવાસીઓ, મધ્ય ગુજરાતમાં પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાના આદિવાસીઓ અને દક્ષિણ વિભાગમાં સુરત, વલસાડ અને ડાંગ જિલ્લામાં વસતા આદિવાસીઓનો સમાવેશ કરી શકાય. આ ત્રણે વિસ્તારોમાં જુદી જુદી આદિવાસી જાતિઓની વસ્તી આવેલી છે.

ઉત્તર વિભાગમાં મુખ્યત્વે ભીલ, ડુંગરી ગરાસિયા, ભીલગરાસિયા, નાયકા નાયકડા, અને કાથોડી જાતિની વસ્તી આવેલી છે. મધ્ય વિભાગમાં મુખ્યત્વે ભીલ પટેલિયા, નાયકા-નાયકડા, રાઠવા, ધાનકા, ગામીત દૂબળા, ચૌધરી અને કોટવાળિયાની વસ્તી આવેલી છે. જ્યારે દક્ષિણ વિભાગમાં મુખ્યત્વે ધોડિયા, ચૌધરી, દૂબળા, ગામીત, વારલી, કૂનબી, કોલઘા, કોટવાળિયા અને કાથોડી આદિવાસી જાતિ આવેલી છે.



Scanned with OKEN Scanner

આ સિવાય સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં આદિવાસીઓની વસ્તી છે. પરંતુ આ પ્રદેશમાં આવેલી વસ્તી સંખ્યાની દષ્ટિએ જૂજ છે. ગીર, બરડા અને આલેચના નેસ વિસ્તારમાં વસતા રબારી, ચારણ અને ભરવાડોનો આદિવાસીઓમાં સમાવેશ કરવામાં આવેલો છે. આ ઉપરાંત મુખ્યત્વે કચ્છમાં પારધી, કોળી, ભીલ, વાઘરી વગેરેની વસ્તી છે. જ્યારે જૂનાગઢ જિલ્લાના તલાલા અને અન્ય વિસ્તારમાં સીદીઓની વસ્તી છે. સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાના નળકાંઠાના વિસ્તારમાં પઢાર આદિવાસીઓની વસ્તી આવેલી છે.

વસ્તીની દષ્ટિએ વિચારીએ તો કુલ ૨૮ જાતિઓમાંથી મુખ્યત્વે દસ જાતિઓ ભીલ (૧૪,૫૧, ૭૬૦), દૂબળા (૩,૮૮,૫૮૯), ધોડિયા (૩,૫૮,૭૭૩), ગામીત (૨,૭૬, ૫૯૧), નાયકા (૨,૬૪,૯૯૯), રાઠવા (૧,૯૨,૬૪૮), ચૌધરી (૧,૮૮,૨૭૩), કોંકણા (૧,૮૧,૪૧૧), ધાનકા (૧,૩૮૫૮૫) અને વારલી (૧,૨૬,૧૦૮)ની વસ્તી એક લાખ કરતાં પણ વધુ છે. જ્યારે કેટલીક જાતિઓની વસ્તી બહુ જૂજ છે .આ બધી જાતિઓની અર્થરચના જુદી છે તેથી તેઓ જુદા જુદા આર્થિક સ્તરે પોતાનું જીવન વ્યતિત કરે છે. આમાંની કેટલીક જાતિઓની આર્થિક સ્થિતિ સુધરી રહી છે. એવી જાતિઓમાં મુખ્યત્વે ધોડિયા, ચૌધરી ગરાસિયા, ગામીત વગેરે ગણાવી શકાય. પરંતુ કેટલીક જાતિઓ હજુ પણ કંગાલ અવસ્થામાં પોતાનું જીવન વિતાવી રહી છે. અને એકંદરે જોઈએ તો મોટા ભાગની આદિવાસી પ્રજાને વર્ષ દરમ્યાન કેટલાક સમય માટે બે ટંક પૂરતું ખાવાનું પણ મળતું નથી.

અર્થતંત્ર એ એક એવું વ્યાપક પરિબળ છે કે જે માણસને એના જન્મથી માંડીને મરણ સુધી દરેક તબક્કાને સ્પર્શ્યા વિના રહેતું નથી. સ્વાતંત્ર્ય મળ્યા પછી આપણા દેશના આદિવાસી વિસ્તારોમાં વખતોવખત આદિવાસી વિકાસ યોજનાઓ અમલમાં મુકાતી રહી છે ત્યારે આદિવાસીઓની આર્થિક ક્ષેત્રે થતી પ્રગતિ વિશે વિચાર કરવાનું ખાસ મહત્ત્વનું બની રહે છે. આર્થિક વિકાસની દષ્ટિએ સાધન કૌશલ્ય તથા યંત્રકળા (ટેકનોલૉજી)ની પ્રગતિમાં આદિવાસીઓને વિકાસની તકો ઘણી જ મર્યાદિત મળી હોવાથી તેઓ ઘણા પાછળ રહી ગયા છે. તેથી એમને વિશેનો વિચાર આખા રાષ્ટ્રનું ધ્યાન ખેંચી લે છે. આદિવાસીઓનું જીવનધોરણ ઘણું નીચું છે. અને એમની માથાદીઠ આવક અન્યની તુલનામાં ઘણી જ ઓછી છે. અગાઉના નૃવંશશાસ્ત્રીઓએ આદિવાસી અર્થતંત્ર પર ખાસ ધ્યાન નહોતું આપ્યું. કારણ કે એમને આદિવાસીઓ માટેની કલ્યાણ યોજનાઓના આયોજન, અમલ અને મૂલ્યાંકન સાથે ઝાઝી નિસ્બત નહોતી, એમને તો આદિવાસીઓની પ્રજાતીય (એથનોલૉજિકલ) લાક્ષણિકતાઓ વર્ણવવામાં વધારે રસ હતો એટલે પરિભાષામાં આદિવાસી અર્થતંત્રનું પૃથક્કરણ કરવાનો ખ્યાલ કેટલેક અંશે નવો છે.

મનુષ્યની મુખ્યત્વે ત્રણ જરૂરિયાતો ખોરાક, પોષાક અને રહેઠાણ છે. આ બધી જરૂરિયાતોને પૂરી કરવા સૌથી પહેલાં માનવ પોતાની આસપાસના કુદરતી વાતાવરણનો આશ્રય લે છે. માનવીની પોતાની આ અંગત જરૂરિયાતોની સાથોસાથ બીજી પણ અનેક

Scanned with OKEN Scanner

જરૂરિયાતો ઊભી થાય છે. તેથી ક્રમે ક્રમે જુદા જુદા સ્તરની આર્થિક વ્યવસ્થા વિકસે છે. દરેક માનવી મર્યાદિત સાધનોને અમર્યાદિત જરૂરિયાતો સાથે વ્યવસ્થિત રીતે સાંકળી વધુમાં વધુ સંતોષ મેળવવાનો પ્રયત્ન કરે છે.

આર્થિક વ્યવસ્થા અંગે જુદા જુદા અર્થશાસ્ત્રીઓ અને નૃવંશશાસ્ત્રીઓએ જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે. આ વ્યાખ્યાઓ મુજબ આર્થિક વ્યવસ્થાનાં લક્ષણો કંઈક આવાં આપવામાં આવે છે. એ મુખ્યત્વે ચાર લક્ષણો છે :

(૧) લોકોની ભૌતિક જરૂરિયાતો પૂરી કરવી,
(૨) ઉત્પાદનને વ્યવસ્થિત કરવું,
(૩) વિતરણને નિયંત્રિક કરવું અને
(૪) સમુદાયમાં માલિકીના હક્કો નક્કી કરવા.

દરેક સમુદાયમાં ભિન્ન ભિન્ન પ્રકારની જરૂરિયાતો જોવા મળે છે. આમ જરૂરિયાતોનો તથા તે કઈ રીતે પૂર્ણ કરવી તેનો ખ્યાલ જુદા જુદા સમાજમાં જુદો જુદો હોય છે. આર્થિક સંગઠનના પ્રકારની દૃષ્ટિએ આદિવાસીઓની આર્થિક વ્યવસ્થા પ્રાથમિક કક્ષાની હોવાથી ઉત્પાદન અને ઉપભોગની કક્ષામાં આવે છે.

જુદા જુદા નૃવંશશાસ્ત્રીઓએ આદિવાસી અર્થવ્યવસ્થાનું વર્ગીકરણ આપ્યું છે. સ્વાભાવિક રીતે ભિન્ન ભિન્ન વિચારસરણી અને દૃષ્ટિબિંદુને કારણે જુદા જુદા નૃવંશશાસ્ત્રીઓએ આપેલા વર્ગીકરણોમાં ભિન્નતા જોવા મળે છે.

अ. ગ્રૉસ (Gross)નું વર્ગીકરણ વિકાસવાદની દૃષ્ટિએ અર્થવ્યવસ્થાનાં નીચેનાં સ્તરો બતાવે છે.

(૧) ખોરાક એકઠો કરનારની અર્થવ્યવસ્થા, (Collectional Economy)
(૨) પશુપાલકો તરીકે ભટકતું જીવન જીવનારાની અર્થવ્યવસ્થા (Nomadic Economy)
(૩) સ્થિર ગ્રામ અર્થવ્યવસ્થા (Settled village Economy)
(૪) નાગરિક અર્થવ્યવસ્થા (Town Economy)
(૫) મેટ્રોપોલિટન અર્થવ્યવસ્થા (Metro Poleatian Economy)

ब. ફોર્ડ અને હર્ષ કોવિટ્સનું વર્ગીકરણ

(૧) ખોરાક એકઠો કરવો (Collection)
(૨) શિકાર (Hunting)
(૩) માછલાં પકડવાં (Fishing)
(૪) ખેતી (Cultivation)
(૫) પશુપાલન (Stock Raising)

Scanned with OKEN Scanner

અર્થવ્યવસ્થાના જુદા જુદા ઉપરના સ્તરો જોવા મળે છે. પરંતુ લોકો એક સમયે એક જ અર્થવ્યવસ્થાને અનુસરતા હોય એવું બનતું નથી. ખરેખર તો એક જ સમયે જુદા જુદા સ્તરનું મિશ્રણ જોવા મળે છે. આ ઉપરાંત બીજા કે ત્રીજા પ્રકારની અર્થવ્યવસ્થા અપનાવવા માટે પહેલા સ્તરને છોડી દેતા નથી. આવાં અનેક ઉદાહરણો ભારતના અને ગુજરાતના આદિવાસીઓમાં મળી આવે છે. દા. ત. ગુજરાતની બધી આદિવાસી જાતિઓનો મુખ્ય ધંધો ખેતી છે. સાથોસાથ તેઓ પશુપાલન પણ કરે છે, કેટલાંક માછલાં પકડવા પણ જાય છે.

## હર્નફેલ્સનું વર્ગીકરણ

હર્નફેલ્સે દક્ષિણ એશિયાના આદિવાસીઓની અર્થવ્યવસ્થાના ચાર પ્રકારો બતાવ્યા છે.

(૧) ખોરાક એકઠો કરનાર (Food gatherers)
(૨) ઉચ્ચ કક્ષાના શિકારીઓ (High hunters)
(૩) ખેતી કરનારાઓ (Plant cultivators)
(૪) વિચરતા પશુપાલકો (Nomadic Herdsmen)

ભારતના આદિવાસીઓ પૈકી મોટા ભાગનો સમાવેશ પહેલા અને ત્રીજા પ્રકારમાં થાય છે. ગુજરાતના પણ રબારી, ચારણ, ભરવાડ વગેરે પશુપાલક આદિવાસીઓ ઘાસ–પાણીની શોધમાં 'વાંઢે જતા' સ્થળાંતર કરતા હોવાથી તે અર્થમાં તેમને ચોથા પ્રકારમાં મૂકી શકાય. ગુજરાતમાં માત્ર ખોરાક એકઠો કરનાર એક પણ આદિવાસી જાતિ નથી. ભારતમાં પણ તેનું પ્રમાણ બહુ જ ઓછું રહ્યું છે.

## થર્નવાલનું વર્ગીકરણ

થર્નવાલ આદિવાસી અર્થવ્યવસ્થાના સાત પ્રકારો સૂચવે છે.

(૧) શિકારી, પશુપંખી પકડનાર અને ખોરાક એકઠો કરનારનો સમરૂપ સમુદાય. (Homogeneous Communities of Hunters, Trappers & Food collectors) ભારતની કાદર, ચેચું, બોરિયા, કોરવા વગેરે ભારતીય આદિવાસી જાતિઓ આ પ્રકારમાં આવે છે.

(૨) શિકારી, પશુપંખી પકડનારા અને ખેતી કરનારનો સમરૂપ સમુદાય (Homogeneous Communities of Hunters, Trappers & Agriculturists) ભારતની કમાર, બૈગા અને બિરહોર આદિવાસી જાતિઓનો સમાવેશ આ વર્ગમાં થઈ શકે છે. કેવળ ફક્ત શિકાર ઉપર નભનાર હવે રહ્યા નથી કારણ કે શિકાર માટે વનમાં પ્રાણીઓ, પક્ષીઓ પર્યાપ્ત સંખ્યામાં નથી.

Scanned with OKEN Scanner

(૩) શિકારી, પશુપંખી પકડનાર, ખેતી કરનાર અને કારીગરોનો શ્રેણીબદ્ધ સમાજ (Graded Society of Hunters, Trappers, Agriculturists and Artisans), ભારતની મોટા ભાગની આદિવાસી જાતિઓનો સમાવેશ આ વર્ગમાં થઈ શકે છે. જોકે હવે શિકારી અને પશુપંખી પકડનાર બહુ જ ઓછા છે.

(૪) પશુપાલકો (Herdsmen) નીલગિરિના ટોડા અને કેટલીક ભીલ જાતિઓનો તથા સૌરાષ્ટ્રના ગીર, બરડા અને આલેચ, નેસ રબારી, ચારણ અને ભરવાડ આદિવાસી પશુ પાલકોનો સમાવેશ આ વર્ગમાં થઈ શકે છે.

(૫) શિકારી તથા પશુ પાલકોનો સમરૂપ સમાજ (Homogeneous Hunters and Herdsmen) ભારતમાં કોઈ આદિવાસીઓ આ વર્ગમાં નથી. ટોડા પશુપાલન કરે છે પણ શિકાર કરતા નથી.

(૬) પ્રજાતિના આધારે શ્રેણીબદ્ધ પશુપાલકો અને વેપાર કરનારાઓનો સમૂહ. (Etnically stratitied cattle Breeders and Traders) આ વર્ગના આદિવાસીઓ ભારતમાં ઓછા જોવા મળે છે.

(૭) સામાજિક રીતે શ્રેણીબદ્ધ શિકારી, ખેતી કરનારા અને કારીગર વસ્તીના સમૂહો (Socially graded Herdsmen with Hunting, Agriculture and Artisan population). ભારતમાં આ વર્ગનું ચોક્કસ ઉદાહરણ મળતું નથી.

આદિવાસીઓની અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરતાં તેમાં નીચેનાં લક્ષણો જોવા મળે છે :

### (૧) કુદરત પર આધારિત

આદિવાસીઓ મુખ્યત્વે ડુંગરો, જંગલ વિસ્તારોમાં અથવા મેદાનોમાં વસે છે. તેઓ જે કંઈ આર્થિક પ્રવૃત્તિ કરે તેનો આધાર તેમના વિસ્તારના કુદરતી વાતાવરણ પર પણ હોય છે. આદિવાસીઓ મોટે ભાગે કુદરતને ખોળે જીવે છે. તેથી કુદરતી સંપત્તિમાંથી મળતો ખોરાક અને ઘર બાંધવાની સામગ્રી મેળવવા તેઓ સ્થાનિક પ્રયત્ન જ કરે છે. જંગલમાં વસતા આદિવાસીઓ વનપેદાશો જેવી કે મધ, ગુંદર, મહુડાંના ફૂલ અને બીજ, ફળફૂલ કરંજિયા વગેરે વીણી લાવે છે. તેઓ ફરતી ખેતી પણ કરે છે. પહાડી વિસ્તારોમાં વસતા પગથિયાં (ટેરેસીંગ) ખેતી કરે છે. પાણી અને ઘાસની સગવડ હોય તેવા પ્રદેશમાં તેઓ પશુપાલન કરે છે. ભારતની કેટલીક આદિવાસી જાતિઓ કંદ મૂળ, મધ વગેરે એકઠાં કરીને તથા શિકાર કરીને ગુજરાન ચલાવે છે પરંતુ તેમની વસ્તી ઘણી ઓછી છે. ભારતના મોટા ભાગના આદિવાસીઓ ખેતી પર ગુજરાન ચલાવે છે.

ગુજરાતના આદિવાસીઓનો મુખ્ય ધંધો પણ ખેતી છે. ખેતી સિવાય તેઓ ખેતમજૂરી, પશુપાલન અને વન્યપેદાશ એકઠી કરી ગુજરાન ચલાવે છે. ગુજરાતની

Scanned with OKEN Scanner

આદિવાસી જાતિઓ માત્ર એક જ ધંધા પર આધાર રાખતી નથી. તેમને પોતાનું પેટિયું કાઢવા માટે અનેક પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ કરવી પડે છે.

ગુજરાતના આદિવાસીઓનો મુખ્યત્વે ધંધો ખેતી અને મજૂરી છે. તેઓની પાસે જમીન છે. ખેતમજૂરી તેમ જ અન્ય કોઈ પણ પ્રકારની મજૂરી તેઓ કરી શકે છે. મજૂરી માટે તેઓ પોતાના ગામમાંથી મજૂરી ન મળતા ગુજરાતના અન્ય વિસ્તારોમાં જાય છે.

કેટલીક જાતિઓમાં અમુક પ્રકારની કામની આવડત અને કૌશલ્ય પણ જોવા મળે છે. જેમ કે કોટવાળિયા સારું વાંસકામ કરી શકે છે. વાંસમાંથી સુંદર ટોપલા, કરંડિયા, સાદડી વગેરે બનાવે છે. કાથોડી ખેરના ઝાડમાંથી કાથો પાડવામાં નિપૂણ હતા પરંતુ ખેરનાં ઝાડ કપાઈ જવાથી અને કાથાનાં કારખાનાં થવાને લીધે તેમનો પ્રણાલીગત ધંધો છિનવાઈ ગયો છે. ગુજરાતની લગભગ બધી આદિવાસી જાતિઓ નદીઓ અને તળાવોમાંથી માછલાં પકડે છે. આ માછલાંનો ઉપયોગ તેઓ ખાસ પોતાના વપરાશ પૂરતો કરતા હોય છે.

ગુજરાતના આદિવાસીઓ પશુપાલનનો ધંધો પણ કરે છે અને મરઘાંઉછેર પણ કરતા હોય છે. જોકે આ બધા ધંધાઓ વ્યવસ્થિત રીતે નહીં થતા હોવાને લીધે તેમાંથી મળતી ઊપજ ઓછી હોય છે.

ગુજરાતના આદિવાસીઓ તેમની ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. ડાંગમાં વસતા આદિવાસીઓ મુખ્યત્વે ખેતી, જંગલ પેદાશ એકઠી કરવી, જંગલના કૂપમાં મજૂરી તેમ જ ગાડાં દ્વારા માલવહનનું કામ કરી રોજગારી મેળવે છે. ઉત્તર ગુજરાતમાં વસતા આદિવાસીઓ મુખ્યત્વે ખેતી અને મજૂરીના ધંધામાં રોકાયેલા છે. દક્ષિણ ગુજરાતમાં વસતા ધોડિયા, ચૌધરી આદિવાસીઓ પાસે જમીન ઠીક પ્રમાણમાં છે. તેથી તેઓ મોટે ભાગે ખેતી કરે છે. આ વિસ્તારમાં નવા નવા ઉદ્યોગો જેમ કે અતુલનો રંગ-રસાયણ ઉદ્યોગ, અને વાપીના ઔદ્યોગિક સંકુલને કારણે આ વિસ્તારમાં આદિવાસીઓને કારખાનાંઓમાં રોજગારીની તક મળે છે. પરંતુ આ કારખાનાંઓમાં કામ કરતા આદિવાસીઓ મુખ્યત્વે હેલ્પર, ફિટર, પટાવાળા કે છૂટક મજૂર તરીકે કામ કરે છે. ગણ્યાગાંઠ્યા આદિવાસીઓ જ સારી જગ્યા પર પહોંચી શક્યા છે.

નદીના કાંઠે વસતા થોડા આદિવાસીઓ જેમ કે ઉકાઈ ડેમની આજુબાજુના વિસ્તારના આદિવાસીઓ મત્સ્ય ઉદ્યોગના ધંધામાં રોકાયેલા છે.

ગુજરાતના આદિવાસીઓમાંથી કેટલીક જાતિઓ અન્ય જાતિઓની સરખામણીએ શિક્ષણમાં આગળ પડતી છે. જેમ કે ધોડિયા, ચૌધરી, ધાનકા, ગામીત, ગરાસિયા વગેરે. તેઓ મોટે ભાગે શિક્ષકોની નોકરીમાં જોડાયા છે. તદુપરાંત કેટલીક ઉચ્ચ શિક્ષણ મેળવેલ વ્યક્તિઓને પણ જુદાં જુદાં સરકારી ખાતાંઓમાં સારી નોકરી મળી છે. પરંતુ આ પ્રકારની નોકરી કરતી વ્યક્તિઓનું પ્રમાણ ઘણું ઓછું છે.

Scanned with OKEN Scanner

## (૨) ધાર્મિક માન્યતાઓનો પ્રભાવ

આદિવાસીઓની અર્થવ્યવસ્થા સામાન્ય રીતે પ્રાથમિક કક્ષાની હોય છે. તેમનાં સાધનો, ઓજારો, જૂનાં પુરાણાં હોય છે અને તેમનું ખેતીનું જ્ઞાન પણ ખૂબ ઓછું હોય છે. તેમના જીવનમાં દરેક ક્ષેત્રની માફક આર્થિક ક્ષેત્ર પણ ધર્મનો પ્રભાવ જોવા મળે છે. ખેતીમાં વધારે પાક મેળવવાની ઇચ્છાએ, પાક નિષ્ફળ જાય ત્યારે, શિકારમાં જતાં સફળતા મેળવવા, ઢોરો મરી જતાં હોય તો બચાવવા માટે કોઈ ને કોઈ ધાર્મિક ક્રિયા કરે છે. તેમનામાં એવો વિશ્વાસ જોવા મળે છે કે કોઈ પણ આર્થિક પ્રગતિ ધાર્મિક ક્રિયા વિના સફળ જ ન થાય. ગુજરાતની બધી આદિવાસી જાતિમાં વાવણી સમયે અને લણણી સમયે દેવ–દેવીની પૂજા કરવામાં આવે છે અને ભોગ ધરાવે છે. નાગલીની કાપણી સમયે કંસરીદેવીની પૂજા થાય છે. ખેતી નિષ્ફળ જાય છે ત્યારે રાઠવા લોકો પિઠોરા બાપાની પૂજા કરે છે આમ દરેક આર્થિક પ્રવૃત્તિ સાથે ધાર્મિક ક્રિયા વણાયેલી જોવા મળે છે.

## (૩) ઉત્પાદન અને ઉપભોગ

આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખાધપૂરક હોય છે. તેમની ઉત્પાદન કરવાની પદ્ધતિ તદ્દન પ્રાથમિક પ્રકારની હોય છે. દા.ત. ખેતી કરવા માટે ડાંગમાં વસતા કેટલાક ગરીબ આદિવાસીઓ કોદાળીનો ઉપયોગ કરે છે. તેમનું ખેતીનું ઉત્પાદન ઓછું હોય છે. અન્ય રીતે વનનાં ફળફૂલ એકઠાં કરવામાં પણ તેમને ઠીક ઠીક પરિશ્રમ કરવો પડે છે. તેઓ જેટલું ઉત્પાદન કરે છે તેટલો જ ઉપભોગ કરે છે. તેમની ખેતી માંડ જીવનનિર્વાહ પૂરતી હોય છે તો તેમાંથી બચત તો થાય જ કેવી રીતે ? આથી તેમને દેવું કરવાની ફરજ પડે છે.

## (૪) સહકાર–સામૂહિક ભાવના

અત્યંત અવિકસિત અર્થવ્યવસ્થા હોવા છતાં હજારો વર્ષોથી આદિવાસીઓ ટકી શકયા છે તેનું કારણ તેમનામાં જોવા મળતી સહકાર અને સંગઠનની ભાવના છે એમ કહી શકાય. આદિવાસીઓમાં કુટુંબની દરેક કાર્યક્ષમ વ્યક્તિ કામમાં મદદ કરે છે. કંદમૂળ એકઠાં કરવાં, માછલાં પકડવાં કે ખેતી કરવી એવી કોઈ પણ આર્થિક પ્રવૃત્તિમાં તેઓ એકબીજાને મદદ કરે છે. પકડેલાં માછલાં સરખે ભાગે વહેંચી લે છે. શિકાર પણ પરંપરા પ્રમાણે સરખે ભાગે વહેંચી લે છે. ખેતીમાં ખાસ કરીને વાવણી અને પાક લણવાનો હોય ત્યારે જુદાં જુદાં કુટુંબો એકબીજાને મદદ કરે છે. કોઈની પાસે ખેતીનાં સાધનો ન હોય તો એકબીજાને મદદ કરે છે. ઘર બાંધવામાં પણ એકબીજાને મદદ કરે છે. અલબત્ત મદદ કરનારને બદલો આપવાનો હોય છે. આ બદલા તરીકે ભોજન અથવા અનાજ આપવામાં આવે છે.

## (૫) વિનિમય પ્રથાનું મહત્ત્વ, ચલણી નાણાનો અભાવ

આદિવાસીઓની અર્થવ્યવસ્થા સ્વયં પર્યાપ્ત હોવા છતાં આદિવાસી જાતિમાં પણ દરેક કુટુંબ પોતાની જરૂરિયાતોની બધી વસ્તુઓ બનાવી કે મેળવી શકે નહીં. આથી

Scanned with OKEN Scanner

એક જ જાતિમાં અને આંતરજાતિ કક્ષાએ જરૂરી ચીજવસ્તુઓ મેળવી લેવા તેઓ વસ્તુની અદલાબદલી કરે છે. આને વિનિમય પ્રથા કહે છે. દા.ત. અનાજના બદલામાં મરચાં મીઠું લે છે. મજૂરીના બદલામાં અનાજ આપવામાં આવે છે. આમ તેમનો આર્થિક વ્યવહાર નાણાં દ્વારા નહીં, પરંતુ વસ્તુ-વિનિમય દ્વારા ચાલતો. પરંતુ બિનઆદિવાસી-ઓના સંપર્કને તેમ જ નાણાનું ચલણ વ્યાપક થવાને કારણે તેઓ નાણાનો ઉપયોગ કરતા થઈ રહ્યા છે. વિનિમયનો ઉપયોગ તો હવે નામશેષ થઈ ગયો છે.

પહેલાં તેમનો સઘળો વ્યવહાર વિનિમય દ્વારા થતો પરંતુ હવે ચલણી નાણાંનો ઉપયોગ તેમનામાં વધ્યો છે. બિનઆદિવાસી સમાજમાં નાણાંનો ઉપયોગ બચત માટે, વસ્તુની કિંમત નક્કી કરવા માટે, વિનિમયના માધ્યમ તરીકે કરવામાં આવે છે, તેટલા પ્રમાણમાં આદિવાસી સમાજમાં કરવામાં આવતો નથી.

## (૬) વ્યવસ્થિત બજારોનો અભાવ

આદિવાસીઓમાં બિનઆદિવાસી સમાજ જેવાં સ્થાયી, નિયમિત બજારો હોતાં નથી તેમની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે તેઓ અઠવાડિક હાટમાં જાય છે. આ બજારમાં તેઓ પોતાની વેચવાની વસ્તુઓ જેવી કે મધ, ગુંદર, ઢોર વગેરે લઈ જાય છે અને મીઠું, કાપડ, વાસણ વગેરે મેળવે છે. પરંતુ આજે આ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. આદિવાસીઓ હવે પોતાના ગામમાં વેપારી સાથે સીધો વ્યવહાર કરે છે. શાકભાજી કે વધુ અનાજ વેચવાનું હોય તો ખરીદવેચાણ સંઘમાં માલ લાવે છે. ગુજરાતના આદિવાસીઓ મોટે ભાગે પોતાની ચીજવસ્તુઓની ખરીદી સ્થાનિક વેપારીઓ પાસેથી કરે છે. ધરમપુર જેવા દુર્ગમ વિસ્તારોમાં અઠવાડિક હાટમાંથી ખરીદી કરવામાં આવે છે અને વસ્તુઓ વેચવામાં આવે છે. પરંતુ આજે પણ ગુજરાતના આદિવાસીઓ અંદરો-અંદર પોતાનો વ્યવહાર વસ્તુના સ્વરૂપમાં રાખે છે. જેમ કે બિયારણ માટે ઉછીનું લીધેલું બી લેનારને પાક થતાં જ બમણું કે દોઢું પાછું આપે છે. જંગલ પેદાશો પણ ગામના વેપારીને વેચી દે છે. વ્યવસ્થિત બજારને અભાવે તેમનું શોષણ થતું રહે છે. કેટલેક સ્થળે જંગલ વિકાસ નિગમે નક્કી કરેલા એજન્ટોને પણ વેચે છે. હવે આને લીધે તેમને સારા ભાવ મળતા થયા છે.

## (૭) વિશેષીકરણ (Specialization)

વિશેષીકરણ એટલે કોઈ એક આર્થિક કાર્યમાં કુશળતા કે વિશિષ્ટતા પ્રાપ્ત કરવી તે. આ એક આર્થિક વિકાસ સાથે સંકળાયેલી બાબત છે. આધુનિક સમાજમાં વ્યક્તિ ખાસ તાલીમ લઈને વિશેષજ્ઞ બને છે. તેનું કારણ એ છે કે વિકસિત અર્થવ્યવસ્થામાં ઝીણવટભર્યું શ્રમવિભાજન અને વિશેષીકરણ અનિવાર્ય બને છે. દા.ત. તબીબી વિદ્યામાં વિવિધ પ્રકારની કુશળતા ધરાવતા ડૉક્ટરો છે. દા.ત. હૃદયના નિષ્ણાત, સ્ત્રીરોગના નિષ્ણાત, બાળરોગોના નિષ્ણાત. આદિવાસી સમાજમાં આવું વિશેષીકરણ જોવા મળતું નથી. પોતાના નિર્વાહ માટે તે ખેતી કરતો હોય છે. જુદાં જુદાં કાર્યો માટે જુદી જુદી વ્યક્તિને રોકી વળતર આપવાનું જરૂરી નથી અને આર્થિક રીતે પોસાય તેમ પણ નથી.

Scanned with OKEN Scanner

આમ છતાં વિશેષીકરણ સિવાય તેમનામાં શ્રમવિભાજન જોવા મળે છે. આદિવાસી સમાજમાં શ્રમવિભાજન શારીરિક શક્તિ અને વય પર આધારિત છે. આ ઉપરાંત પ્રાથમિક સમાજમાં એવી માન્યતા પ્રવર્તે છે કે સ્ત્રીની શારીરિક શક્તિ પુરુષ કરતાં ઓછી છે. જોકે કેટલાક નૃવંશશાસ્ત્રીઓ આ જાતની ટીકા કરે છે. આનો અર્થ એ થયો કે જેમાં બહુ શારીરિક બળની જરૂર ન હોય તેવી અનેકવિધ આર્થિક પ્રવૃત્તિઓ સ્ત્રીઓ કરે છે. સ્ત્રીઓ મધ, ગુંદર, કંદમૂળ, ફળફૂલ વગેરે જંગલમાંથી વીણી લાવે છે. ખેતીમાં નીંદવાના અને પાક લણવાના કામમાં મદદ કરે છે. જ્યારે વૃક્ષો પાડવાં, હળ ચલાવવું, ગાડું ચલાવવું વગેરે પુરુષોનાં કાર્યો છે. વળી આદિવાસી સ્ત્રીપુરુષના શ્રમવિભાજન પર ઔદ્યોગીકરણની અસર પડેલી જણાય છે. આદિવાસી પુરુષો ફીટર, હેલ્પર, ફોરમેન વગેરેની નોકરીઓ કરે છે.

## (૮) નવીનતા પ્રત્યે અરુચિ

આર્થિક ક્ષેત્રે તેઓ તેમના બાપદાદાઓની જૂની પદ્ધતિને અનુસર્યા કરે છે. એટલું જ નહીં પણ વળગી રહે છે. જે લોકો કંદમૂળ એકઠાં કરીને ગુજરાન ચલાવતા હોય તે એ રીતે જ ગુજરાન ચલાવ્યા કરે છે. પોતાની મેળે કંઈ નવું શીખવા કે શોધવાની પરવા કરતા નથી. બીજા તેમને નવું શીખવવા પ્રયત્ન કરે તો તેની સામે શંકાની નજરથી જુએ છે. ગુજરાતના કેટલાક આદિવાસી ખેડૂતો હજી પણ રસાયણિક ખાતર તરફ શંકાની રીતે જુએ છે અને તેનો લાભ લેતા નથી. સુધરેલી બિયારણની બાબતમાં પણ તેઓ આવો વિચાર ધરાવે છે. હાઇબ્રીડથી ઉત્પાદન વધે છે પરંતુ તેઓ એમ માને છે કે તેથી સત્ત્વ (Nutritive value)ઓછું થઈ જાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ પોતાના બાપદાદા કરતા આવ્યા તેમ નાગલી કે ડાંગરનાં ધરુ માટે આંદર કરે છે. આ આદરમાં તેઓ પાંદડાં, જંગલની ડાળીઓ વગેરે કાપીને તેને બાળે છે અને પછી વરસાદ થતાં તેમાં ધરુ કરે છે. આદર તો ફક્ત ધરુ માટે કરે છે.

પંચમહાલના ભીલો વર્ષોથી ગુજરાતના અન્ય વિકસિત વિસ્તારોમાં ખેત મજૂરી માટે જાય છે. ત્યાં તેઓ નવી નવી પદ્ધતિઓ જુએ છે. તેનો પણ ક્યારેક અપવાદરૂપે ઉપયોગ કરે છે છતાં સરવાળે ખેડા જિલ્લા કે દક્ષિણ ગુજરાતની વૈજ્ઞાનિક ઢબની પદ્ધતિની ખેતીની તેમના પર કોઈ ખાસ અસર જણાતી નથી. કદાચ તેમની આર્થિક પરિસ્થિતિ આ બધું કરવા માટે અંતરાયરૂપ છે. તેમનામાં નવીનતા પ્રત્યેની અરુચિ છે તે શોધનો વિષય છે. આ અંગે વ્યવસ્થિત રીતે સંશોધન થાય તો જાણી શકાય.

## આદિવાસીઓની જીવનનિર્વાહની રીતો

આદિવાસી અર્થવ્યવસ્થાને અલ્પવિકસિત અર્થવ્યવસ્થા ગણવામાં આવે છે. ભારતની જેમ ગુજરાતના આદિવાસીઓમાં પણ આ વ્યવસ્થા મિશ્ર અર્થતંત્રની હોય છે. અર્થાત્ દરેક આદિવાસી જાતિ એક કરતાં વધુ ધંધા કરીને જીવનનિર્વાહ કરે છે. જે જાતિઓ ખેતી કરે છે તેઓ સાથે જ જંગલની પેદાશો લાકડાં, ગુંદર, ડોળી, મહુડાં

Scanned with OKEN Scanner

ટીંબરુંના પાન વગેરે વીણી લાવે છે. આ ઉપરાંત પશુ પણ પાળે છે અને મરઘાં પણ ઉછેરે છે. બધી જાતિઓ પોતાના મુખ્ય વ્યવસાય ઉપરાંત ખેતમજૂરી કે અન્ય મજૂરીનું કામ પણ કરે છે.

જીવનનિર્વાહની રીત તરીકે ખેતી ઉપરાંત પશુપાલન, મરઘાંઉછેર, માછલી પકડવી, વન્યપેદાશ એકઠી કરવી, વાંસમાંથી જુદી જુદી વસ્તુઓ બનાવવી, ખેતમજૂરી, ઔદ્યોગિક મજૂરી કે અન્ય મજૂરી વગેરે આર્થિક પ્રવૃત્તિઓ તેઓ જીવન જીવવા માટે કરે છે.

૧૯૭૧ની વસ્તીગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તીમાંથી કામ કરતી વસ્તી જુદા જુદા કયા વ્યવસાયોમાં રોકાઈ છે, અને આદિવાસી વસ્તીમાંથી કામ કરતી વસ્તી જુદા જુદા કયા કયા વ્યવસાયમાં રોકાઈ છે તેની વિગતો નીચે મુજબ છે:

| વિગત | ગુજરાતની કામ કરતી કુલ વસ્તી | | ગુજરાતની કામ કરતી આદિવાસી વસ્તી | |
|---|---|---|---|---|
| | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૬૧ | ૧૯૭૧ |
| કુલ વસ્તીમાં કામ કરતી વસ્તીના ટકા | ૪૧.૦૭ | ૩૧.૪૫ | ૫૩.૭૨ | ૪૦.૩૪ |
| ૧. ખેતી | ૫૩.૩૨ | ૪૩.૧૨ | ૫૯.૧૮ | ૪૮.૩૪ |
| ૨. ખેતમજૂરી | ૧૪.૭૭ | ૨૨.૪૮ | ૩૧.૦૯ | ૪૨.૩૩ |
| ૩. ઢોરઉછેર, ખાણુ બગીચા વગેરે | ૧.૨૪ | ૨.૩૯ | ૧.૧૭ | ૧.૧૯ |
| ૪. ગૃહઉદ્યોગ | ૬.૫૬ | ૨.૮૨ | ૧.૨૩ | ૦.૬૮ |
| ૫. બીજા ઉદ્યોગો | ૬.૩૩ | ૯.૨૫ | ૧.૫૬ | ૨.૩૩ |
| ૬. બાંધકામ | ૧.૦૬ | ૧.૪૩ | ૦.૪૨ | ૦.૭૯ |
| ૭. વેપાર વાણિજ્ય | ૪.૮૫ | ૬.૯૪ | ૦.૩૮ | ૦.૮૫ |
| ૮. વાહન વ્યવહાર | ૧.૮૮ | ૨.૮૬ | ૦.૫૮ | ૦.૯૦ |
| ૯. અન્ય સેવાઓ | ૯.૯૯ | ૮.૭૧ | ૪.૩૯ | ૨.૫૯ |
| કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આ આંકડાઓ તપાસતાં જણાય છે કે ગુજરાતની કામ કરતી કુલ વસ્તીના પ્રમાણમાં કામ કરતી આદિવાસી વસ્તીનું પ્રમાણ વધારે છે. એટલે કે અન્ય કોમો કરતાં આદિવાસી સમાજમાં નાનાં મોટાં સૌ કામ થઈ શકે ત્યાં સુધી કામ કરતાં હોય છે. પોતાનો રોટલો પોતે રળી લેવાની ટેવને કારણે અને કુટુંબના બીજા સભ્યો પર ઓછામાં ઓછો આધાર રાખવાને કારણે જ આદિવાસી સમાજમાં વધારે સમાનતા અને સ્વતંત્રતા પણ પ્રવર્તતી દેખાય છે. તેમના આર્થિક સંજોગો પણ કુટુંબની કામ કરતી દરેક વ્યક્તિને કામ કરવાની ફરજ પાડતા હોય છે.

Scanned with OKEN Scanner

તેમના વ્યવસાયોનું પૃથક્કરણ કરતાં જણાય છે કે વસ્તીનો ઘણો મોટો ભાગ ૯૧ ટકા ખેતી અને ખેતમજૂરી પર આધાર રાખે છે. તેમાંયે કામ કરતી કુલ વસ્તીના ૪૨ ટકા માત્ર ખેતમજૂરી પર આધાર રાખે છે. આ દર્શાવે છે કે તેમની સ્થિતિ કેટલી નબળી છે. ૧૯૬૧ની વસ્તીગણતરી અનુસાર ગુજરાતની કુલ આદિવાસી વસ્તીના ૩૧.૦૯ ટકા લોકો ખેતમજૂરી કરી જીવનનિર્વાહ કરતા હતા જ્યારે ૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ કુલ આદિવાસી વસ્તીના ૪૨.૩૩ ટકા લોકો ખેતમજૂરી કરી જીવનનિર્વાહ કરે છે. તેમની વસ્તીમાં આમ ખેતમજૂરોમાં વધારો થયો છે. વ્યવસાયનું પોતાનું ગણી શકાય એવું કોઈ સાધન કે આવડત (skill) ન હોવાને કારણે આવડા મોટા વર્ગને માત્ર ખેતમજૂરી પર આધાર રાખવો પડે છે. દાયકા દરમ્યાનના આદિવાસીઓના વ્યવસાયોનું પૃથક્કરણ કરતાં જણાય છે કે ખેતમજૂરી પર આધાર રાખનારાઓની સંખ્યા વધી છે.

નોકરીઓ સિવાય બીજા બધા વ્યવસાયોમાં તેમનું પ્રમાણ નહીંવત્ છે. નોકરીઓમાં મોટા ભાગની સંખ્યા તો ઘરકામ મજૂરીમાં રોકાયેલાઓની છે. દા.ત. સુરત જિલ્લાના દૂબળાઓ. તેઓ નોકરિયાતોમાં ઘણુ: હોવા છતાં તેમની સ્થિતિ પણ લગભગ ખેતમજૂર જેવી છે.

આ બાબત સ્પષ્ટપણે બતાવે છે કે તેમની પાસેની જમીન એક યા બીજા પ્રકારે ઓછી થતી જાય છે. ખેતમજૂરીના બદલામાં મોટે ભાગે તેમને અનાજ મળે છે. કેટલાક વિસ્તારોમાં મજૂરીના બદલામાં નાણાનો વ્યવહાર પણ વધ્યો છે. ખેતમજૂરી કરનારા આદિવાસીઓની સંખ્યામાં વધારો થવાનું મહત્ત્વનું કારણ એ છે કે તેઓ પોતાના સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ કરવા પડતા આર્થિક ખર્ચને પહોંચી શકતા નથી. આવા પ્રસંગે તેઓ શાહુકાર અને વેપારી પાસેથી જમીન ગીરો મૂકી નાણાં ઉછીનાં લે છે અને છેવટે તેમની જમીન એક યા બીજા પ્રકારે પચાવી લેવામાં આવે છે. અને તેમને પોતાની જ જમીન પર ખેતમજૂર તરીકે કામ કરવાની ફરજ પડે છે.

આપણે અગાઉ જોયું તેમ ગુજરાતના આદિવાસીઓના ૯૦ ટકા લોકો ખેતી અને ખેતમજૂરી પર નિર્ભર છે. વન્યપેદાશ એકઠી કરીને અથવા પશુપાલન કે બીજા કોઈ ઉદ્યોગ દ્વારા નિર્વાહ ચલાવનાર આદિવાસીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. આદિવાસી માટે જમીન એ માત્ર જીવનનિર્વાહનું સાધન જ નથી પરંતુ પોતાના પૂર્વજો સાથે એકાત્મક બનવાનું આધ્યાત્મિક બંધન છે. એવું જાણવા મળ્યું છે કે જ્યાં સુધી પોતાની જમીન પોતાની પાસે હોય છે ત્યાં સુધી આદિવાસીઓ માટે સ્વાવલંબન, પ્રામાણિકતા અને સચ્ચાઈના ગુણો પર રચાયેલી પોતાની સ્વતંત્ર જીવનદૃષ્ટિ ટકાવી રાખવાનું શક્ય હોય છે, પરંતુ એક વખત જમીન હાથમાંથી જાય એટલે તેઓ પોતાની સ્વતંત્રતા ખોઈ બેસે છે અને સાવ નિરાધાર અને ગુલામ જેવી પરિસ્થિતિમાં મુકાઈ જાય છે. કેટલાંક વર્ષોથી આમ આદિવાસીઓ પોતાની જમીનો ગુમાવતા રહ્યા છે. બ્રિટિશ શાસન દરમ્યાન ચાલાક શાહુકારોએ, વેપારીઓએ, અને જમીનદારોએ તે વખતના કાયદાઓમાં દાવપેચ લડાવીને આદિવાસીઓના બાપદાદાઓ પાસેથી જમીન ખૂંચવી લીધી હતી. આ રીતે

Scanned with OKEN Scanner

આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓના હાથમાં જતી અટકાવવા માટેના ખાસ કાયદાઓ તો ચાલુ સદીના છેલ્લા દાયકાઓમાં જ ઘડાયા. આથી જોકે આ બદીને માત્ર અંશતઃ અટકાવવાનું જ બન્યું. સાવ બંધ કરવાનું બની શક્યું નથી. આજે પણ એક યા બીજા બહાના હેઠળ આદિવાસીઓની જમીન વેપારી-શાહુકાર અને જમીનમાલિકો ખેડે છે. આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર દ્વારા થયેલા અભ્યાસમાં પણ જણાયું હતું કે તેમની મોટા ભાગની જમીનો વેપારી, શાહુકાર અને મોટા આદિવાસીઓના હાથમાં ગીરો હતી. તેમનું શોષણ માત્ર બિનઆદિવાસી સમાજ દ્વારા થતું નથી પરંતુ આદિવાસી સમાજના સુખી વર્ગ દ્વારા પણ હવે થવાની શરૂઆત થઈ ચૂકી છે.

આ સિવાય ગુજરાતમાં તાજેતરમાં થયેલા મોટા ઉદ્યોગો (અતુલ) તેમ જ મોટી નહેર સિંચાઈ યોજનાને કારણે ઘણા આદિવાસીઓ પાસેથી જમીન લઈ લેવાના પ્રસંગો બનવા માંડ્યા છે અને આવા કિસ્સાઓમાં યોગ્ય વળતર મળતું નથી. તેથી આદિવાસીઓમાં ઘણો અસંતોષ જાગ્યો છે. કડાણા, પાલીયા, ઉકાઈ જેવી મોટી સિંચાઈ યોજનાઓમાં હજારો કુટુંબોની જમીન સરકારે લઈ લીધી ને એમાં તેમને પૂરતું વળતર મળ્યું નથી તેમ જ એ ડૂબતાં ગામોનાં કુટુંબોના પુનર્વસવાટ માટે જે પગલાં સરકારે ભર્યાં તે અપૂરતાં છે.

મેં સૂચવ્યું છે કે છેલ્લાં ત્રીસ વર્ષમાં જે જમીનો આદિવાસીઓ પાસેથી અન્યના હાથમાં ચાલી ગઈ છે તે તમામ જમીન વિના વળતરે મૂળ આદિવાસી માલિકોને પાછી મળવી જોઈએ. આવો કાયદો મહારાષ્ટ્ર સરકારે કર્યો છે. આજે પણ ડાંગમાં વસતા આદિવાસીઓની જમીન પર પોતાના હક કાયમી થયા નથી. તેમના જમીન પરના હક કાયમી કરવા જોઈએ. જમીન પોતાની ન હોવાને લીધે ભયના વાતાવરણમાં જીવે છે. અને તેમાં મૂડી રોકાણ કરવાનું આકર્ષણ રહેતું નથી. રાજ્યમાં પરિસ્થિતિને ધ્યાનમાં લઈને જમીન બદલીના કાયદાઓની પુનઃસમીક્ષા કરવી અને જરૂર લાગે તો કાયદાની છટકબારીઓ બંધ કરી દેવા માટે આવા કાયદાઓમાં ધરમૂળથી ફેરફારો કરવા. વેચાણ, ગીરો પટે કે એવી કોઈ પણ રીતે કે શરતે આદિવાસીઓની જમીનો એમના હાથમાંથી જતી રહેતી હોય તે સદંતર બંધ કરવું જોઈએ. કાયદો તો છે પણ તેનો અમલ થતો નથી. ઔદ્યોગિક વસાહત કે મોટી સિંચાઈ યોજના હાથ ધરવા માટે જમીન લેવામાં આવી હોય તો આદિવાસીઓને જમીનના બદલામાં જમીન અને ઘરના બદલામાં ઘર એ રીતનું વળતર મળવું જોઈએ. ઘરના બદલામાં ઘર તો મળે છે પણ જમીન ચાર એકરથી વધુ મળતી નથી. ભલેને ડૂબાણમાં ગયેલી જમીન એથી બે ગણી કે ત્રણ ગણી હોય. વસવાટને માટે જંગલ સાફ કરવાં પડે છે. જમીનવિહોણા બનેલા આદિવાસીઓના પુનર્વસવાટ માટેની કોઈ પણ યોજના લાગતા-વળગતા આદિવાસીઓ સાથે સલાહમસલત કર્યા વિના હાથ ન ધરવી એટલું જ નહીં પણ પુનર્વસવાટ માટેની વસાહતો ઊભી કરવાનું કામ, આદિવાસીઓનો પોતાનો પરંપરાગત વ્યવહાર છોડી દેવો પડે તે પહેલાં પૂરું થઈ જવું જોઈએ. જમીનનાં હક્કપત્રકો તૈયાર કરતી વખતે અધિકારીઓનું દૃષ્ટિબિંદુ કાયદાકીય નહીં પણ માનવીય હોવું જોઈએ.

Scanned with OKEN Scanner

આદિવાસીઓના જમીન પરના હક્કો કાયમી બને અને જળવાય એ તો એક પ્રશ્ન છે જ, પરંતુ આદિવાસીઓ પાસે જમીન ઘણી ઓછી છે. મોટા ભાગના ખાતેદારો દસ એકરથી પણ ઓછી જમીન ધરાવે છે. પંદર એકરના ખાતેદારો તો માત્ર દસ ટકા જેટલા જ છે. આખા ગુજરાત રાજ્યના ખાતેદારો સાથે તેમને સરખાવતાં પણ જણાય છે કે નાના ખાતેદારોનું પ્રમાણ જ આદિવાસીઓમાં વધારે છે. આદિવાસીઓની જમીન-માલિકો અંગેની વિગતવાર માહિતી મળતી નથી તેથી તેનું ચોક્કસ ચિત્ર ઉપસ્થિત થતું નથી. આ માહિતી ૧૯૬૧ની વસ્તી ગણતરી વખતે કરવામાં આવી હતી.

ભારતના આદિવાસીઓમાં ખેતીના મુખ્યત્વે બે પ્રકારો જોવા મળે છે :

**૧. ફરતી ખેતી**

**૨. સ્થાયી ખેતી**

## ૧. ફરતી ખેતી

ફરતી ખેતી માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વની અન્ય આદિજાતિઓ પણ કરે છે. ગુજરાતમાં કોઈ પણ આદિવાસી જાતિ આજે ફરતી ખેતી કરતી નથી.

**પગથિયાં ખેતી :** પર્વતીય પ્રદેશમાં વસતી આદિજાતિઓ આ પ્રકારની ખેતી કરે છે. તેઓ પર્વતના ઢોળાવ પર કયારાઓ તૈયાર કરીને ખેતી કરે છે. ઓરિસાના સાવરા અને મધ્યપ્રદેશના મારિયા આ પદ્ધતિથી ખેતી કરે છે. ગુજરાતમાં વસતા ભીલો પૈકી કેટલાક થોડા સમય પહેલાં આ પદ્ધતિથી ખેતી કરતા હતા પરંતુ આજે ગુજરાતના આદિવાસીઓમાં આ પ્રકારની ખેતી કોઈ કરતું નથી.

## ૨. સ્થાયી ખેતી

ગુજરાતના આદિવાસીઓ મુખ્યત્વે સ્થાયી ખેતી કરે છે. ખેતીમાં બળદ, હળ, ખાતર અને અન્ય સાધનોનો ઉપયોગ કરે છે. ભારતના અન્ય ખેડૂત વર્ગની જેમ જ ખેતી તેમનું જીવનનિર્વાહનું સાધન છે.

આદિવાસી વિસ્તારો મોટે ભાગે ડુંગરાળ હોઈ ત્યાંની જમીન ઘણી હલકી જાતની હોય છે. વળી આ જમીન સપાટ ન હોવાથી પાણી કે ખાતરનો ઉપયોગ કરવો મુશ્કેલ થઈ પડે છે. કેટલીક જાતિઓ પાસે ખેતીનાં પૂરતાં સાધનો નથી. તેમની પાસે બળદ ન હોવાથી હાથથી હળ ખેંચવામાં આવે છે. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ખાતર અને સુધરેલ બિયારણનો ઉપયોગ પણ કરી શકતાં નથી. સિંચાઈનાં સાધનો પણ ઘણાં ઓછાં છે. મોટે ભાગે તેઓ કૂવાઓ, તળાવો દ્વારા સિંચાઈ કરે છે. પરંતુ આદિવાસીઓની જમીન પથરાળ હોવાથી કૂવાઓ ઊંડે સુધી હોવા છતાં બારેમાસ પાણી રહેતું નથી. આથી તેઓ એક મોસમ પૂરતી ખેતી કરે છે. શિયાળુ અને ઉનાળુ પાક લઈ શકાતો નથી. ગુજરાતમાં થયેલ ઉકાઈ—કડાણા તેમ જ અન્ય મોટી અને મધ્યમ કદની સિંચાઈનો લાભ આદિવાસીઓને ઓછો મળે છે. આ બધાં કારણોને લીધે

Scanned with OKEN Scanner

તેમની જમીનની ફળદ્રુપતા ઘણી ઓછી હોય છે. તેથી એકર દીઠ ઉત્પાદન ઓછું આવે છે. આમ આવક ઓછી, બચત ઓછી અને મૂડી રોકાણ ઓછું તેથી ઉત્પાદન ઓછું થતાં આવક ઓછી, આ વિષચક્ર ચાલુ રહે છે. આથી તેમની ખેતીમાં મૂડીના પ્રમાણમાં ઉત્પન્ન થતું નથી. આદિવાસી વિસ્તારમાં સિંચાઈ નીચેની જમીન ઘણી ઓછી છે. ખેતીની ઉત્પાદકતા ઓછી હોવાથી દર વર્ષે ચોમાસુ ખેતી પૂરી થતાં મોટી સંખ્યામાં આદિવાસીઓ કામની શોધમાં વતન છોડી બહાર નીકળી પડે છે.

ગુજરાતના અન્ય જિલ્લાઓની સરખામણીએ આદિવાસી જિલ્લાઓમાં પાક હેઠળનો સિંચાઈનો વિસ્તાર ઓછો છે. ૧૯૭૪-૭૫ની માહિતી મુજબ પાક હેઠળનો સિંચાઈનો વિસ્તાર સુરત (૨૨.૨૭%), ભરૂચ (૧૩.૭૦%), વલસાડ (૧૨.૭૧%), સાબરકાંઠા (૧૭.૬૩%), વડોદરા (૨૧.૭૦%), પંચમહાલ (૫.૩૮%) અને ડાંગમાં (૦.૨૦%) જેટલો હતો. આ આંકડાઓ પરથી સ્પષ્ટ જણાય છે કે આદિવાસી વિસ્તારમાં સિંચાઈનું પ્રમાણ ઓછું છે. આથી આદિવાસી વિસ્તારમાં નાની અને મધ્યમ સિંચાઈ યોજનાનો ઝડપી અમલ થવો જોઈએ.

આ ઉપરાંત તેઓ ખેતી માટે સપાટ જમીન ધરાવતા નથી. અને સતત ધોવાણને લીધે જમીનની ફળદ્રુપતા ઘટે છે. આથી આદિવાસીઓની જમીનના સંરક્ષણ માટે વૈજ્ઞાનિક દૃષ્ટિએ આયોજન કરી જમીનની ફળદ્રુપતા વધારવા માટે સક્રિય પ્રયાસો કરવા જોઈએ.

## જંગલ

વર્ષોથી આદિવાસીઓ જંગલો અને ડુંગરોમાં રહેતા આવ્યા છે. જંગલોએ જ આદિવાસીઓને જીવતદાન આપ્યું છે. જીવનની જરૂરિયાતો જ્યારે ઓછામાં ઓછી અને સાદામાં સાદી હતી ત્યારે આદિવાસીઓને જંગલોમાંથી તેમને જોઈએ તે કરતાં વધુ મળી રહેતું. બહારના ભાગીદારો જૂજ હતા. આજે સ્થિતિ જુદી છે. આદિવાસીઓનો અને જંગલોનો બહારની દુનિયા સાથેનો સંપર્ક વધી ગયો છે. આદિવાસીઓએ કેમ રહેવું અને જીવવું એ એના હાથની વાત રહી નથી. બહારની દુનિયાનું એનું જ્ઞાન અને ભાન વધતું ચાલ્યું તેમ એની જરૂરિયાતો પણ વધતી ચાલી અને જે જંગલો ઉપર એ એકલો હકદાર હતો તેમાં ભાગીદારો વધતા જ ચાલ્યા અને વધ્યે જશે.

પહેલાં આદિવાસીઓ મરજી પડે તે મુજબ પોતાની ઝૂંપડી માટે લાકડાં કાપી શકતા, મરજી પડે ત્યારે ઝાડી કાપી, બાળી નાનું સરખું ખેતર તૈયાર કરી પોતાને જરૂર પૂરતા નાગલી, કોદરા પકવી લેતો તેને બદલે આજે પોતાના ઝૂંપડા માટે પણ એ લાકડાં કાપી શકતો નથી. જંગલના કાયદા પ્રમાણે તો ડાળું પણ કાપી શકે નહીં, ત્યારે બીજી બાજુ તેની સામે જ એના હાથે જ કપાવેલાં સંગીન ઇમારતી લાકડાં ગાડાં, ખટારા અને વેગનો દ્વારા બહારના લોકો કાયદેસર ઉપાડી જાય તેની ઈર્ષ્યા તેને થાય તેમાં શી નવાઈ?

Scanned with OKEN Scanner

આપણે ત્યાં જંગલની માલિકી મોટે ભાગે રાજ્યની ગણાય છે. એટલે તેની વાર્ષિક આવક રાજ્યની આવક ગણાય છે. ગુજરાત રાજ્યને પણ જંગલમાંથી લગભગ ૫ કરોડની આવક થાય છે. આ આવકમાંથી લગભગ બે કરોડ ખર્ચ બાદ કરતાં ૩ કરોડ જેટલી આવક મળે છે તે નાની નથી. ગુજરાત રાજ્યમાં જંગલનું પ્રમાણ ઘણું જ ઓછું છે. ખાસ કરીને ડાંગ, ગીર અને વાંસદા તાલુકા અને છોટાઉદેપુર તાલુકામાં થોડાંક ગીચ જંગલો જોવા મળે છે.

જંગલ વ્યવસાય એ કૃષિ વ્યવસાય જેવો છે. કોઈ પણ ઉદ્યોગની જેમ એની વ્યવસ્થા અને કારભારમાં સઘન વિકાસ માટે પૂરેપૂરો અવકાશ છે. આદિવાસીઓને જંગલમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ થાય છે.

ગુજરાતના આદિવાસીઓ આજે પણ ગુંદર, ટીમરુ, ખાખરાનાં પાન, મહુડાનાં ફૂલ વગેરે એકઠાં કરીને પૂરક રોજગારી મેળવે છે. પરંતુ આ બધી વસ્તુ તેઓની પાસેથી સ્થાનિક વેપારીઓ મફતના ભાવે પડાવી લેતા હોય છે. તદુપરાંત જે જે વિસ્તારમાં જંગલ કામદાર સહકારી મંડળીઓ છે તે વિસ્તારમાં તેમને કૂપમાં મજૂરીનું કામ મળી રહે છે. તદુપરાંત કાથોડી તેમ જ અન્ય આદિવાસીઓને જંગલમાં કોલસા પાડવાની મજૂરી પણ મળે છે. તદુપરાંત ડાંગમાં વસતા આદિવાસીઓ લાકડાં લઈ જવાનું વાહતુકનું કામ ગાડાં દ્વારા કરે છે. અને તેમાંથી તેમને સારી એવી પૂરક આવક પ્રાપ્ત થાય છે. દૈનિક આઠથી દસ રૂપિયાનું કામ મળી રહે છે.

ગુજરાત સરકારે આદિવાસીઓની કલ્યાણ યોજનાઓમાં જંગલને લગતી યોજનાઓનો સમાવેશ કર્યો છે. બધા જ આદિવાસીઓનું જીવન જંગલ અને ખેતી પર આધારિત છે. ટૂંકમાં આદિવાસીઓ અને જંગલ એકબીજા સાથે નિકટતાથી જોડાયેલાં હોવાથી જંગલ ખાતાએ સાવધાનીથી પોતાની યોજનાઓ આગળ ધપાવવી જોઈએ. જંગલખાતું આદિવાસીઓ માટે મિત્ર બને અને જંગલખાતું તેમના ઉત્કર્ષ માટેનું ખાતું છે, એવો વિશ્વાસ પેદા થાય એવી સ્થિતિ તેણે પેદા કરવી જોઈએ. જો આમ થશે તો આદિવાસીઓ અને જંગલ અધિકારીઓ વચ્ચેનું અંતર ઘટશે.

પહેલાં આદિવાસીઓ જે કંઈ જંગલની પેદાશો એકઠી કરતા તે ગામના વેપારીને ત્યાં કે અઠવાડિક હાટમાં વેચી નાખતા. આમ તેમને તેમના માલની પૂરતી વાજબી કિંમત મળતી નહોતી. પરંતુ હવે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમની સ્થાપના પછી તેમાં ઘણો ફેરફાર જોવા મળે છે. નિગમે પ્રથમ યોજનાના તબક્કે ગૌણ વનપેદાશો, જેવી કે ટીમરુપાન, મહુડાનાં ફૂલ, ડોળી અને ગુંદરનું એકત્રીકરણ તેમ જ પ્રક્રિયા કરવાનું કાર્ય હાથ ધર્યું છે. નિગમનો મુખ્ય ઉદ્દેશ નીચે મુજબનો છે.

૧. રાજ્યમાં ગૌણ વનપેદાશો વૈજ્ઞાનિક ઢબે એકત્ર કરવી.
૨. ગૌણ વનપેદાશના ઉત્પાદન અને ગુણવત્તામાં વધારો કરવો.
૩. આદિવાસીઓને ગૌણ વનપેદાશોની કામગીરીમાંથી મુક્ત કરવા.
૪. ગૌણ વનપેદાશ આધારિત કુટિર ઉદ્યોગો સ્થાપવા.

Scanned with OKEN Scanner

નિગમની સ્થાપના થઈ તે પહેલાં જંગલની ગૌણ પેદાશો વૈજ્ઞાનિક ઢબે એકત્રિત કરવામાં આવતી હતી. તેમ જ કોઈ પ્રક્રિયા પણ કરવામાં આવતી ન હતી. વિકાસ પ્રવૃત્તિના અભાવે જંગલની ગૌણ પેદાશો માટે રોજગારીનું પ્રમાણ ઘણું ઓછું હતું. ઇજારદારો જે કંઈ જંગલની ગૌણ પેદાશો ખરીદ કરતા હતા તેમાં તોલમાપ અને નાણા ચુકવણીમાં ગેરરીતિઓ આચરતા જેથી ગરીબ આદિવાસીઓનું શોષણ થતું હતું. હવે નિગમે જંગલની ગૌણ પેદાશો એકત્ર કરવાની તેની પ્રક્રિયા કરવાની કામગીરીમાં ઇજારદાર પદ્ધતિને ક્રમશઃ નાબૂદ કરવા સક્રિય પગલાં લીધાં છે.

છેલ્લાં ત્રણ વર્ષમાં નિગમે આ ક્ષેત્રમાં સારી એવી પ્રગતિ કરી છે. ૧૯૭૭ અને ૧૯૭૮માં અંદાજે ૧૧ લાખ અને ૨૦ લાખ રૂપિયાની વધારાની રોજગારી આદિવાસીઓને ચૂકવવામાં આવી છે. નિગમે હાથ ધરેલ વિકાસશીલ પ્રવૃત્તિઓને પરિણામે ટીમરુ પાનનું ઉત્પાદન ૨૭ ટકા જેટલું વધ્યું છે. ૧૯૭૭ની સાલમાં ૫.૨૪ લાખ માનવદિનની રોજગારી પેટે આદિવાસીઓને ૨૬.૬૩ લાખ ચૂકવવામાં આવ્યા છે. આ રીતે ૧૯૭૮ની સાલમાં ૧૨.૫૦ લાખની માનવદિનની રોજગારી પેટે અંદાજે ૭૭ લાખ ચૂકવવામાં આવ્યા છે. ૧૯૭૯માં અત્યાર સુધીમાં ៩૨.૯૨ લાખ મહેનતાણું ચૂકવવામાં આવ્યું છે.

તદુપરાંત નિગમ દ્વારા મધમાખ ઉછેરની યોજના અમલી બનાવાઈ છે. વાંસમાંથી રમકડાં બનાવવાના ઉદ્યોગો કુટીર ઉદ્યોગના ક્ષેત્રે. આદિવાસી પેટા યોજનાના સહયોગથી બીડી બનાવવા અંગેનાં ચાર પ્રશિક્ષણ કેન્દ્રો શરૂ કર્યાં છે. તદુપરાંત વનપેદાશના વિકાસ અંગે સંશોધન સંસ્થાઓ દ્વારા સંશોધનની કામગીરી હાથ ધરી છે. નિગમે પંચમહાલ જિલ્લાના કોલિયરી ગામે ગૌણ વનપેદાશો અંગે સંશોધન કરવા મધ્યસ્થ સંશોધન કેન્દ્ર પણ ઊભું કર્યું છે.

### પશુપાલન

દરેક આદિવાસી એની પેઢી દર પેઢી ચાલી આવતી રીત પ્રમાણે પશુ અને મરઘાં પાળે છે. ઢોરો જંગલમાં ચરી ખાય, થોડું ઘણું દૂધ આપે અને ખેતી માટે બળદોના પૈસા ખરચવા ન પડે. પણ તેમનાં ઢોરોની ઓલાદ ઊતરતા પ્રકારની હોઈ દૂધ નામનું જ આપે છે. આર્થિક રીતે પહોંચી નહીં વળવાથી સારી ઓલાદવાળાં ગાય ભેંસ અલ્પ દુધાળ થઈ જાય છે તેમ જ રોગનો સામનો કરી શકતાં નથી. મરઘાંમાં રોગ ફેલાતાં સામટાં મરી જાય છે. દૂધ, ઘી, ઈંડાંનું વેચાણ ગામના વેપારીને ત્યાં કે હાટમાં કરતા હોય છે. તેના સારા ભાવ મળતા નથી તેથી આ ધંધામાંથી પણ આવક ઓછી થતી જાય છે.

આદિવાસીઓ માટે આંગણે વધુ ઢોરો રાખવાં એ સામાજિક પ્રતિષ્ઠાનું લક્ષણ ગણાય છે. ઘણી વાર લગ્ન સમયે દાપા પેટે ગાય, ભેંસ કે બળદ આપતા હોય છે. આર્થિક સંકટના સમયે ઘરમાં કોઈની માંદગીને ટાણે કે સંકટ સમયે ઢોર કે મરઘાં વેચી તાત્કાલિક નાણાં મેળવે છે. આમ ઢોર વેચીને રોકડ રકમ મેળવી શકે છે. આ કારણસર પણ તેઓ ઢોર પાળે છે. તાજેતરમાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ

Scanned with OKEN Scanner

આદિવાસીઓને દુધાળાં ઢોરો અને બળદ ખરીદીમાં ૫૦ ટકા સબસીડી આપવામાં આવે છે. મરઘાંઉછેર માટે પણ યોજનાઓ ઘડવામાં આવી છે અને તેમાંયે ૫૦ ટકા સબસીડીની જોગવાઈ છે. હાલમાં ઘણા આદિવાસી વિસ્તારોમાં દૂધ સહકારી મંડળી દ્વારા દૂધ એકઠું કરવામાં આવે છે. એ દૂધ, ઘી, ઈંડાં વગેરેનું વેચાણ સહકારી મંડળી મારફતે થતું રહે તો આદિવાસીઓ પોતાનો જીવનનિર્વાહ સહેલાઈથી કરી શકે.

## મત્સ્ય ઉદ્યોગ

ગુજરાતમાં મોટા ભાગના આદિવાસીઓ નદી અને ગામનાં તળાવોમાંથી માછલાં પકડે છે. માછલાંનો વપરાશ પોતાના ઘરવપરાશ માટે હોય છે. ઉકાઈના જળાગાર અને કડાણા જળાગાર વગેરે વિસ્તારમાં વસતા આદિવાસીઓ મત્સ્ય ઉદ્યોગની સહકારી મંડળી દ્વારા માછલાં પકડે છે અને તેમાંથી સારા પ્રમાણમાં આવક મેળવી ગુજરાન ચલાવે છે. આ મત્સ્ય ઉદ્યોગ પણ તેમને પૂરક ધંધાની ગરજ સારે છે. હાલમાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ મત્સ્ય ઉદ્યોગો માટે ૫૦ ટકા સબસીડીથી સાધનો આપવામાં આવે છે અને ઉકાઈનાં તાલીમ કેન્દ્રમાં વ્યવસ્થિત રીતે તાલીમ આપી આદિવાસીઓને માછીમારીના ધંધા માટે તૈયાર કરવામાં આવે છે.

## ખેતમજૂરી

ગુજરાતના આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતી છે. પરંતુ બધા જ આદિવાસીઓ પાસે ખેતી કરવા યોગ્ય જમીન હોતી નથી તેથી ઘણી ઓછી સંખ્યામાં આદિવાસીઓ ખેતમજૂરીનું કામ કરે છે. ૧૯૬૧ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતની કુલ આદિવાસી વસ્તીમાં ૩૧ ટકા લોકો ખેતમજૂરી પર નિર્ભર હતા. જ્યારે ૧૯૭૧ની વસ્તી ગણતરી અનુસાર કુલ વસ્તીના ૪૨ ટકા લોકો ખેતમજૂરી કરી જીવનનિર્વાહ ચલાવે છે. આમ ગુજરાતમાં ખેતમજૂરી કરી જીવનનિર્વાહ કરનારા આદિવાસીઓની સંખ્યામાં વધારે નોંધાયો છે.

ખેતમજૂરીના બદલામાં મોટે ભાગે તેમને અનાજ મળે છે. જોકે મજૂરીના બદલામાં નાણાનો વ્યવહાર પણ ચાલે છે. ગુજરાત સરકારે લઘુતમ વેતન ધારા હેઠળ રૂપિયા ૫–૫૦ દૈનિક મજૂરી નક્કી કરી છે. તેમ છતાં તેમને કોઈ પણ વિસ્તારમાં પૂરેપૂરી મજૂરી આપવામાં આવતી નથી. અઢી રૂપિયા કે ત્રણ રૂપિયાની મજૂરી મળતી હોય છે. સ્ત્રીઓ અને બાળકોને રોજ દોઢ કે બે રૂપિયા જ આપવામાં આવી રહ્યા છે. આમ તેમનું શોષણ થતું જોવા મળે છે.

ખેતમજૂરી કરનારા આદિવાસીઓની સંખ્યામાં વધારો થવાનું એક મહત્ત્વનું કારણ એ કે તેઓ પોતાના સામાજિક ધાર્મિક પ્રસંગોએ કરવા પડતા આર્થિક ખર્ચને પહોંચી વળી શકતા નથી. આવા પ્રસંગોએ તેઓ શાહુકાર વેપારી કે જમીન માલિકો પાસેથી અનાજ અને નાણાં લે છે. ઘણી વખત બમણું પાછું આપવાની શરતે અનાજ મેળવે છે અને શાહુકાર નાણાનું ભારે વ્યાજ લે છે. તેઓ પોતાની નબળી આર્થિક સ્થિતિને

Scanned with OKEN Scanner

કારણે પહોંચી શકતા નથી અને છેવટે શાહુકાર – વેપારી અથવા ગામના આસામીને ત્યાં પોતાની જમીન ગેરકાયદેસર ગીરો મૂકી દે છે ને પોતાની જમીન પર પોતે ખેત-મજૂર તરીકે કામ કરે છે. અહીં એક બાબતનો ઉલ્લેખ કરવો અસ્થાને નહીં લેખાય અને તે છે દૂબળાઓની પરિસ્થિતિ. દૂબળાઓને લગ્ન માટે થોડા રૂપિયા જોઈએ તે અનાવિલ કે કણબી ખેડૂતો એમને આપતા, અને બદલામાં એમની પાસે આખી જિંદગી મજૂરી કરાવતા. એમને ખાવાનું અને ઓછા દરની મજૂરી જ મળતી એટલે દેવામાંથી તેઓ કદી છૂટી શકતા નહીં. આની પાછળ ઘણાં કારણો હતાં.

આમ આદિવાસીઓનું અનેક રીતે શોષણ થાય છે. આદિવાસીઓનું સૌથી વધુ શોષણ શાહુકારો વેપારીઓ દ્વારા થાય છે. ગરીબ આદિવાસી દેવામાં જ જન્મે છે અને દેવામાં જ મરે છે. આદિવાસીઓ નિરક્ષર હોવાને લીધે ભાવ, તોલમાપ તેમ જ નાણાંની ગણતરી વગેરે દરેક બાબતે લૂંટાય છે. હાલમાં સરકારની આદિવાસીઓ માટેની બધી યોજનાઓ સહકારી મંડળીઓ દ્વારા અમલમાં આવતી હોઈ તેઓ સહકારી મંડળીના દેવાદાર હોવાને લીધે લાભ લઈ શકતા નથી. આ યોજનાઓનો લાભ થોડા ઘણા લોકો જ લે છે. આથી તેમનું શોષણ અટકાવવા માટે શાહુકારી ધિરાણ પર નિયંત્રણ મૂકવું જોઈએ. સહકારી મંડળીનાં દેવાં નાબૂદ કરવાં જોઈએ અથવા મુદ્દલ રકમના લાંબા ગાળાના હપતા બાંધી આપવા જોઈએ. વ્યાજ તો માફ કરવું જ જોઈએ. પહેલાં વીસ મુદ્દાના કાર્યક્રમ હેઠળ આદિવાસીઓનાં જૂનાં દેવાંને માંડી વાળવાનો કાર્યક્રમ જોરજોરથી શરૂ થયો હતો પરંતુ આ દિશામાં ખાસ થયું નથી એ હકીકત છે.

આદિવાસી ગામોમાં દરેકની પાસે ઓછી જમીન હોવાને કારણે ગામમાં જ મજૂરી મળતી નથી. તેથી મજૂરીની શોધમાં પોતાનું વતન છોડી બહાર નીકળી જાય છે. આમ તેમનામાં મોસમી સ્થળાંતર પણ વધુ જોવા મળે છે. કેટલાક ગામના ખેડૂતો ઢોર ચારવાનો ધંધો કરે છે. કાથોડી, કોળધા આ ધંધામાં છે. ઢોર દીઠ એકાદ રોટલો અથવા વર્ષે બેથી પાંચ રૂપિયા સુધી ચરાઈ મળે છે અને તેમાંથી તેઓ પોતાનું પેટિયું કાઢે છે. કેટલાક લોકો અમુક પ્રકારની મજૂરીના કાર્યમાં વિશેષ કુશળ હોય છે; જેમ કે, ભીલ લોકો રેલવેના કામમાં તેમ જ ડામરના રસ્તાઓ બનાવવા માટે જાણીતા છે. તેઓ મોટે ભાગે એવી જ મજૂરી શોધે છે. વિશેષ જાહેર બાંધકામ ખાતા દ્વારા રસ્તાનાં કામોમાં તેમને મજૂરીએ રાખવામાં આવે છે. પઢાર લોકો પણ મજૂરી માટે વર્ષના સાત મહિના બહાર જઈ માટી કામનો ધંધો કરે છે. તેઓ માટી કામમાં ઘણા જ કાબેલ છે.

કેટલાક આદિવાસીઓ જમીન માલિકને ત્યાં કાયમી ચાકર તરીકે નોકરી કરે છે. તેના બદલામાં તેમને ૧૦૦થી રૂ. ૨૦૦, કપડાં, ખાવાનું, બીડી વગેરે આપવામાં આવે છે.

## ગૃહઉદ્યોગ

ગુજરાતના આદિવાસીઓમાં માત્ર ગૃહઉદ્યોગ પર આધાર રાખતા આદિવાસીઓ ઓછા છે. કોટવાળિયા વાંસ ઉદ્યોગ પર સ્વતંત્ર રીતે નભે છે. તેઓ વાંસમાંથી પાલાં,

Scanned with OKEN Scanner

ટોપલા–ટોપલી વગેરે બનાવી વેચે છે. પરંતુ વ્યવસ્થિત બજારના અભાવે તેમને સારો ભાવ મળતો નથી. સહકારી મંડળી દ્વારા તેમના માલનું વેચાણ થાય તો તેમને સારો ભાવ મળે અને તૈયાર માલ બનાવવા માટે પૂરતા કાચા માલની તેમને સગવડ પણ પૂરી પાડવી જોઈએ. ગુજરાતના કેટલાક આદિવાસીઓ શણમાંથી વાણુ બનાવે છે. પરંતુ આ તેઓ મોટે ભાગે પોતાના વપરાશ પૂરતાં જ બનાવે છે. જો આ અંગે તેમને વ્યવસ્થિત તાલીમ આપવામાં આવે તો તેમાંથી સારી કમાણી થઈ શકે. તાજેતરમાં અંબર ચરખા દ્વારા તેમને રોજી આપવામાં આવે છે. અંબર ચરખાની તાલીમ આપવાથી તેમની આવકમાં વધારો થઈ શકશે. ગૃહઉદ્યોગમાં ટીમરુનાં પાનમાંથી બીડી બનાવવાના, ખાખરાના પાનના પડિયા વગેરે બનાવવાના ધંધાને વિકસાવી શકાય એમ છે. આમ આ રીતે તેમને રોજગારી આપી શકાય. કેટલાક આદિવાસીઓની અનાજ ભરવાની કોઠીઓ ઘણી જ કલાત્મક હોય છે. આવી કોઠીઓ તેઓ વધુ ને વધુ બનાવે તેમાં તેમને પ્રોત્સાહિત કરી રોજગારી આપી શકાય.

## ઔદ્યોગિક મજૂરી

ઔદ્યોગીકરણના વિકાસની સાથે વધેલા વાહન વ્યવહારના અને સરકારે કરેલા પ્રયાસોને કારણે આદિવાસીઓ બિનઆદિવાસી સમાજના સંપર્કમાં આવ્યા છે. પરિણામે તેઓ પૈકી કેટલાક ઔદ્યોગિક મજૂરીમાં જોડાયા છે. વાપી આગળ ઔદ્યોગિક વસાહતને કારણે તેમને નાના મોટા ઉદ્યોગોમાં મજૂરી મળે છે. છોટાઉદેપુરના વિસ્તારમાં ખનીજની ખાણમાં પણ તેમને મજૂરી મળે છે. આ સિવાય અન્ય ઉદ્યોગોમાં કૉન્ટ્રાક્ટરો તેમ જ સરકાર દ્વારા થતાં કામોમાં તેઓ મજૂરી કરી જીવનનિર્વાહ કરે છે. પરંતુ ઔદ્યોગિક કેન્દ્રોમાં પણ સ્થાપિત હિતો આદિવાસીઓની નિરક્ષરતા અને કાયદાની અજ્ઞાનતાનો લાભ ઉઠાવી તેમનું શોષણ કરવાનું ચૂકતા નથી. આદિવાસી મજૂર પોતાના યોગ્ય અધિકારને જાણતા નથી તેથી પશુની જેમ કામ કરે છે.

## અન્ય નોકરી ધંધા

અન્ય નોકરી ધંધાઓમાં શિક્ષિત અને અશિક્ષિત આદિવાસીઓ જુદી જુદી કક્ષાના નોકરી ધંધામાં જોડાયેલા છે. જે જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વિશેષ છે તેઓ સારી નોકરી મેળવે છે. દા. ત. ધોડિયા અને ચૌધરી મોટે ભાગે શિક્ષકો તરીકે અને સરકારી ખાતાંઓમાં બીજા વર્ગ અને ત્રીજા વર્ગની નોકરીઓમાં છે. જ્યારે કાથોડી, કોલઘા, રાઠવા, નાયકા, સીદી વગેરે જાતિના લોકો ડ્રાઇવર પટાવાળા કે વૉચમેનની નોકરીઓ કરે છે. સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના આદિવાસી ગરાસિયાઓ મોટે ભાગે પોલીસ ખાતામાં અને મિલિટરીમાં જોડાયેલા છે. પરંતુ અન્ય સમાજની સરખામણીમાં તેમને નોકરીઓમાં જોઈએ તેટલું સ્થાન મળ્યું નથી.

## વેપાર–ધંધા

ગુજરાતના આદિવાસીઓમાં કોઈ મોટા ઉદ્યોગ કે વેપાર–ધંધામાં પડેલા જોવા મળતા નથી. તેઓ ખાસ કરીને ગામમાં નાની સરખી પરચૂરણ વસ્તુઓની દુકાન ચલાવતા

Scanned with OKEN Scanner

હોય છે. અથવા તાજેતરમાં શિક્ષિત લોકોને સરકાર દ્વારા ઉત્તેજન મળવાથી ગામમાં ઘંટીનો ધંધો શરૂ કરેલો જોવા મળે છે. આ સિવાય આદિવાસી વિસ્તારમાં કોઈ આદિવાસીએ કોઈ મોટી દુકાન માંડી હોય તેવું જણાતું નથી. આમ વેપાર–ધંધા પ્રત્યે તેમનુ આકર્ષણુ ઓછું જોવા મળે છે.

આમ ગુજરાતના આદિવાસીઓ વિવિધ ધંધા મારફતે પોતાનો જીવનનિર્વાહ કરે છે. માત્ર એક જ ધંધા પર તેમનો આધાર નથી. આમ તેમની અર્થવ્યવસ્થા મિશ્ર સ્વરૂપની જોવા મળે છે. પહેલાં તેમની અર્થવ્યવસ્થામાં નાણાંનું મહત્ત્વ ઓછું હતું. હવે નાણાંનું મહત્ત્વ વધવાથી અનેક પ્રકારનાં પરિવર્તન આવતાં જોવા મળે છે. નાણાંનો વપરાશ વધવાથી તેમના મિલકત અને વારસા હક્કના ખ્યાલો પણ બદલાયા છે. પહેલાં તેમની પાસે વધુ પ્રમાણમાં મિલકત એકઠી કરવાની સગવડ નહોતી તેથી સ્વાભાવિક રીતે જ બિન-આદિવાસી સમાજમાં જોવા મળતા ગરીબ અને તવંગરના ભેદો ઊભા થઈ શકતા નહીં, પરંતુ આદિવાસી સમાજમાં પણ હવે તવંગર અને ગરીબના ભેદો ઊભા થયા છે. પહેલાં આદિવાસીઓમાં સામૂહિક મિલકતનો ખ્યાલ વ્યાપક રીતે જોવા મળતો હતો પરંતુ હવે વ્યક્તિગત મિલકત તરફનો ઝોક જણાય છે.

ભારત સ્વતંત્ર થયા પછી આદિવાસીઓની આર્થિક સ્થિતિ સુધારવાના અનેક પ્રયાસો શરૂ થયા છે, પરંતુ આ માટે જેટલા પ્રમાણમાં નાણાં અને માનવશક્તિ ખર્ચાયાં છે તેની સરખામણીમાં મળેલી સફળતાનું પ્રમાણ સરવાળે ઓછું છે. આનાં અનેક કારણોમાં એક કારણ એવું છે કે અર્થતંત્ર એ કુલ સમાજવ્યવસ્થાનો માત્ર એક ભાગ છે અને માનવીની બધી જ આર્થિક પ્રવૃત્તિઓ સમાજના એકંદર માળખાની અંદર જ ચાલતી હોય છે એ હકીકત વિસરી જવામાં આવી અને કેવળ આદિવાસી અર્થતંત્રને અલગ ગણી એના પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. આર્થિક પરિવર્તન માટેની ઘણી બધી યોજનાઓમાં સામાજિક, સાંસ્કૃતિક અને માનસિક એવા ઘણા બધા અંતરાયો નડતર રૂપ છે. અને તે બરાબર સમજીને વહેલી તકે દૂર કરવાની જરૂર છે. અહીં તો આદિવાસી અર્થતંત્રના માત્ર કેટલાક મહત્ત્વના પ્રશ્નોને જ સ્પર્શ કર્યો છે તાજેતરમાં આદિવાસી અર્થતંત્રનો સાર્વત્રિક વિકાસ સાધવાના પ્રયાસો થઈ રહ્યા છે. એમનું જીવન-ધોરણ બનતી ત્વરાએ ઊંચું લાવવા માટે ચિંતા સેવાય છે. મહાન લોકશાહીનાં સમાન નાગરિકો તરીકે એમણે પણ વિકાસનાં ફળ ચાખવાં જોઈએ, પરંતુ આવી બધી યોજનાઓ જેનો વિકાસ કરવાનો છે તે, તેમની સહમતિ અને તેમના સક્રિય સહકારથી પાર પડવી જોઈએ.

□

Scanned with OKEN Scanner